## રાત્રિના અંધકારમાં વાહન ચાલકોને પશુઓ નહીં દેખાતા અકસ્માતો સર્જાવાની સંભાવના

# હાઈવેની હાઈમાસ્ટ લાઈટો બંધ, અંધારપટ




લાઈટો શોભાના ગાંઠીયા સમાન

» પારડીમાં રાત્રિના સમયે વીજળી ગુલ થવાથી મહિલાઓની સુરક્ષા સામે ઉઠ્યા પ્રશ્નો » ઠંડી-વરસાદમાં બે-ચાર દિવસ લાઈટ ચાલુ કરી ફરી જૈસે થે સ્થિતિ જોવા મળે છે : સ્થાનિકો

પારડી : પારડી હાઈવે પર હાઈમસ્ટ લાઈટો બંધ હાલતમાં પડતા રાત્રિના સમયે અંધારપટ છવાયેલો રહે છે. નેશનલ હાઈવે નંબર 48 ઉપર વાહન ચાલકો સુરક્ષિત રીતે પસાર થાય તે માટે હાઈમસ્ટ લાઈટો ઊભી કરવામાં આવી છે, પરંતુ લાંબા સમયથી પારડી હાઈવે પર હાઈમસ્ટ લાઈટો અને સર્વિસ રસ્તાની સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં રહેતા વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે. જેના કારણે અનેક વાર અકસ્માતો પણ સર્જાયા છે. સર્વિસ રોડ ઉપર ખાસ કરીને ગાય-આખલા જેવા પશુઓ અડીંગો જમાવીને રાત્રિના સમયે બેસતા હોય છે. ત્યારે રાત્રિના અંધકારમાં વાહન ચાલકો પસાર થતાં પશુઓ ન દેખાતા અકસ્માતો સર્જાવાની સંભાવના દેખાઈ રહી છે. રાત્રિના વીજળી ગુલ થવાથી મહિલાઓની સુરક્ષા સામે પ્રશ્નો ઉઠ્યા હતા.

### લાઈટની સુવિધા નહીં હોવાથી લોકોને પરેશાની

આ અંગે મલિક જતાવલા જણાવ્યું હતું કે પારડી નેશનલ હાઈવે ઉપર હાઇમસ્ટ લાઇટો બંધ હાલતમાં પડતા શોભાના ગાંઠીયા સમાન પુરવાર સાબિત થઈ છે. ઠંડી-વરસાદમાં બે-ચાર દિવસ લાઈટ ચાલુ કરી ફરી જૈસે થે સ્થિતિ જોવા મળે છે. હાઈવે ઉપર રિફ્લેક્ટર કે લાઈટોના અભાવે વારંવાર અકસ્માતો સર્જાતા આવ્યા છે. હાઇવે પર કેટલીક હોસ્પિટલો, બસ સ્ટોપ આવેલા છે. લાઈટની સુવિધા નહીં હોવાથી લોકોને પરેશાનીનો સામનો કરવો પડે છે. ત્યારે ટોલટેક્ષ ઉઘરાવતી હાઇવે એજન્સી વાહન ચાલકોની મૂળભૂત સુવિધા પૂરી પાડે તેવી માંગ કરી હતી.

## ચીખલીમાં વાલોડના શખ્સે દવા પી લેતા મોત

ઘેજ : ચીખલીના જુના વલસાડ રોડ પાસે વાલોડ બાજીપુરાના શખ્સે દવા પી લેતા મોત નીપજ્યું હતું. વાલોડ ખાતે રહેતા અજય ધ્રુવનો ત્રણેક વર્ષથી ભરણ પોષણનો કોર્ટમાં કેસ ચાલતો હોય માનસિક તણાવમાં રહેતો હતો. દરમ્યાન શનિવારના રોજ ચીખલી ખાતે રહેતા તેના મામાના ઘરે આવી પરત સાંજના સમયે બાજીપુરા વાલોડ જતી વખતે ચીખલી જુના વલસાડ રોડ બેંક ઓફ બરોડા પાસે ઘાસ મારવાની દવા પી લેતા સારવાર અર્થે નવસારી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ ઉપરના તબીબે ચેક કરતા મૃત જાહેર કર્યો હતો. ઉપરોક્ત બનાવની ફરિયાદ કરણ રવજીભાઈ ધ્રુવ (ઉ.વ-૨૪) (રહે.બાજીપુરા સંજય કોલોની તા.વાલોડ જી.તાપી) એ કરતા વધુ તપાસ પીએસઆઇ-સમીર જે.કડીવાલા કરી રહ્યા છે.

## વાપી ચાર રસ્તા પાસે દુકાનમાં આગ લાગતા નાસભાગ મચી



■ વાપી: વાપી ચાર રસ્તા સ્થિત સાઈ કોમ્પ્લેક્સમાં આવેલી દુકાનમાં સાંજે આગનો બનાવ બન્યો હતો. આગ લાગતા જ આ કોમ્પ્લેક્સમાં અફરાતફરી મચી ગઈ હતી. આગની જાણ તરત જ ફાયર વિભાગને કરવામાં આવી હતી. બનાવ સ્થળે વાપી મહાનગરપાલિકા, વાપી જીઆઈડીસી નોટિફાઈડની ફાયર ગાડીઓ પહોંચી ગઈ હતી અને આગ ઉપર પાણીનો મારો ચલાવી અડધો કલાકની અંદર આગ પર કાબૂ મેળવી લીધો હતો. આગમાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી. આગ કયા કારણોસર લાગી અને કેટલું નુકસાન થયું તે હજી જાણી શકાયું નથી.

# નિયમિત વીજળીના દાવા પોકળ, દેહરી ગોવડાના ખેડૂતો વીજની સમસ્યાથી પરેશાન

**ડીજીવીસીએલ**ની કચેરી ખેડૂતોએ આવેદનપત્ર આપી વીજ પુરવઠાની માંગ કરી




ઉમરગામ: અઠવાડિયાથી ઉમરગામના દેહરી ગોવાડા ગામમાં વીજ પાવર ન મળતા ખેડૂતો મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ બાબતે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ સોળસુંબાની કચેરીએ જઈ સમસ્યાનું નિરાકરણ લાવવાની માંગણી કરી છે. ભારતીય કિસાન સંઘ દેહરી ગોવાડા ગામના ખેડૂતોએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે વાવાઝોડાના કારણે ખેતીવાડીમાં કેરી સહિત પાકને નુકસાન થયું છે. ખેડૂતોને નિયમિત વીજ પુરવઠો મળતો નથી. અઠવાડિયાથી દેહરી ગોવાડા ગામમા વીજ પ્રવાહ બંધ છે, ચીકુ સહિત પાકો ધોવા સાફ-સફાઈ માટે પાણીની જરૂર છે. વધુમાં દેહરી ગોવાડા વચ્ચે એક વાયરમેનની ફાળવણી કરવાની પણ જરૂરિયાત છે. તો તાત્કાલિક સમસ્યાનું નિરાકરણ લાવી વીજ પુરવઠો નિયમિત કરવા માંગણી કરી છે.




# ઉમરગામ UIAમાં ઉદ્યોગપતિ - અધિકારીઓની પ્રિમોન્સુન કામગીરીની બેઠક મળી

**બેઠકમાં** પાર્કિંગના પ્રશ્ને પણ યુઆઇએના હોદ્દેદારો તથા અધિકારીનું ધ્યાન દોરવામાં આવ્યું

ઉમરગામ : ઉમરગામ UIA કચેરી ખાતે ઉદ્યોગપતિ અને અધિકારીઓની બેઠક મળી હતી. જેમાં રસ્તા ગટર પાણી સહિત પ્રિમોન્સૂન કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ઉમરગામ UIA કચેરી ખાતે પ્રમુખ નરેશભાઈ, એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બરો, હોદ્દેદારો, ઉમરગામ નોટિફાઇડ અધિકારી ચીફ ઓફિસર મહેશભાઈ કોઠારી, જીઆઈડીસીના ડેપ્યુટી ઈજનેર કેયુરભાઈ તથા ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિ એક બેઠક મળી હતી. જેમાં ઉમરગામ જીઆઈડીસી ઔદ્યોગિક અને કોલોની રહેણાંક વસાહતના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં પાણી, ગટર રોડની સુવિધા અને આગામી દિવસોમાં ચોમાસું આવી રહ્યુ હોય પ્રિમોન્સૂન કામગીરી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં પાર્કિંગના પ્રશ્ન પણ યુઆઈએના હોદ્દેદારો તથા અધિકારીનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. અધિકારીઓએ પણ પ્રશ્નનું નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી. ચર્ચાના અંતે પ્રમુખ નરેશભાઈએ રોડ સહિતના કામોમાં ગુણવત્તા જળવાઈ અને ટેન્ડર મુજબ કામો થાય તે અંગે અધિકારીને ટકોર કરી હતી.

# ચીખલી-ખેરગામ રાજ્ય ધોરીમાર્ગ ઉપર રેસીડેન્સી- પેટ્રોલ પંપના ગેરકાયદે બાંધકામ

**ચીખલીના** પીપલગભણમાં ડીડીઓના લોક સંવાદમાં અનેક પ્રશ્નો રજૂ થયા

**ડીડીઓએ** માર્ગ મકાનના ઇજનેરને જમીનની માપણી કરાવી દબાણ દૂર કરવા સૂચના આપી




ઘેજ : ચીખલી તાલુકાના પીપલગભણ ગામે ડીડીઓના લોક સંવાદમાં માર્ગ મકાનની જમીનમાં દબાણ, કેરી માર્કેટના પગલે સર્જાતા ટ્રાફિક જામ, ચેકડેમમાં દરવાજા નાંખવા, જર્જરિત પાણીની ટાંકી, આંગણવાડીના મકાન સહિતના પ્રશ્નો રજૂ થયા હતા.

પીપલગભણ ગામના દેસાઇવાડ મંદિરના પ્રટાગણમાં ડીડીઓ પુષ્પલતાના અધ્યક્ષ સ્થાને ટીડીઓ ભાવના યાદવ, મામલતદાર મનોજ પાંચાલ, મદદનીશ ટીડીઓ જીતુભાઇ, નાયબ મામલતદાર વિજય રબારી સહિત વિવિધ વિભાગના અધિકારી તથા સરપંચ પતિ મયુરભાઇ, અગ્રણી જીતુભાઇ સહિતનાની ઉપસ્થિતિમાં યોજાયેલા લોક સંવાદમાં પીપલગભણથી પસાર થતા ચીખલી-ખેરગામ રાજ્ય ધોરીમાર્ગ ઉપર માર્ગ મકાનના માર્જિન જમીનમાં દબાણ કરી સોમનાથ રેસીડેન્સી અને પેટ્રોલ પંપના ગેરકાયદે બાંધકામનો પ્રશ્ન રજુ થતાં ડીડીઓએ માર્ગ મકાનના ઇજનેરને જમીનની માપણી કરાવી દિન-૧૫ માં દબાણ દૂર કરવા સૂચના આપી હતી.

પીપલગભણ ગામમાં ખેરગામ જતા મુખ્ય માર્ગ ઉપર કેરી માર્કેટના કારણે અવાર-નવાર સર્જાતા ટ્રાફિક જામ અંગે પણ રજૂઆત કરાઇ હતી. આ ઉપરાંત ખેતીવાડી વીજ લાઇનમાં રાત્રે સિંગલ ફેજ વીજ પુરવઠો પૂરો પાડવા, ખરેરા નદીના ચેકડેમમાં દરવાજા મુકવા, મોટી કોળીવાડમાં ડ્રેનેજનું પાણી માર્ગ પર વહેવા અંગે, દમણગંગાની પાઇપ લાઇનમાં ખાનગી જમીન અને રસ્તાને નુકશાન થવા બાબતે, બોમ્બે ફળીયામાં આંગણવાડીના જર્જરિત મકાન, જર્જરિત ટાંકી, ૧૦-વર્ષથી કેનાલ બંધ થયેલ પાણી ન મળવા બાબતે, જેરામ ફળીયામાં કોતર પર કોઝ-વે બનાવવા અંગે, હળપતિ ગૃહ નિર્માણ બોર્ડમાંથી આવાસોની ફાળવણી કરાવવા સહિતની સ્થાનિકો દ્વારા રજુઆત કરવામાં આવી હતી. ડીડીઓ પુષ્પલતા દ્વારા સંબંધિત શાખાના અધિકારી-કર્મચારીઓને ગામના લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે સૂચના આપી બોમ્બે ફળીયામાં આંગણવાડીની મુલાકાત કરી હતી.

## વલસાડની સુગર ફેક્ટરી ઓવરબ્રિજ પર કારમાંથી દારૂ ઝડપાયો

વલસાડ : વલસાડના પારનેરા પારડી સુગર ફેક્ટરી ઓવરબ્રિજ હાઈવે પરથી પોલીસે કારમાંથી રૂપિયા ૩.૫૬ લાખનો ઇંગ્લિશ દારૂ ઝડપી પાડીને ચાલકની ધરપકડ કરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વલસાડ એલસીબી પોલીસની ટીમ હાઈવે ઉપર પેટ્રોલિંગમાં હતી એ દરમિયાન કારમાં દારૂ સુરત તરફ લઈ જવાના હોવાની મળેલી બાતમીના આધારે એલસીબી પોલીસની ટીમે વલસાડના પારનેરા પારડી સુગર ફેક્ટરી ઓવરબ્રિજ નેશનલ હાઈવે નંબર 48 સુરત તરફ જવાના માર્ગ ઉપર વોચ ગોઠવી હતી. એ દરમિયાન બાતમીવાળી કાર આવતા પોલીસે કાર અટકાવી કારમાં તપાસ કરતાં કારમાંથી રૂપિયા 3.56 લાખનો ઈંગ્લિશ દારૂ બોટલ નંગ 936 મળી આવી હતી. પોલીસે કાર ચાલક સુરેન્દ્રનગરમાં રહેતા શક્તિસિંહ લાલુભા અક્ષરા અને અમદાવાદમાં રહેતા જગતસિંહ મોબતસિંહ ચાવડાની ધરપકડ કરી છે. જથ્થો ભરાવી આપનાર અભિષેક અને મંગાવનાર પ્રદીપસિંહને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે દારૂ કાર અને મોબાઈલ મળીને કુલ્લે 6.76 લાખના મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીની સાન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ સ્કૂલનું સીબીએસસીનું ધો. ૧૦નું ૧૦૦ ટકા પરિણામ



વાપી : સીબીએસસી બોર્ડનું ધો.૧૦નું વાપીની સાન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ સ્કૂલનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. ૧૫૨ પરીક્ષાર્થીમાંથી ૧૫૨ ઉત્તીર્ણ થયા છે. જ્યારે ૭૫ ટકાથી વધુ માર્કસ સાથે આ સ્કૂલના ૧૨૨ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે. આ સ્કૂલની વિદ્યાર્થિની વિધિ જીતેશ ધામા ૯૯.૨ ટકા સાથે પ્રથમ આવી છે. આ પરીક્ષામાં વિધિ ધામાએ ૫૦૦માંથી ૪૯૬ માર્કસ મેળવી સારી સિદ્ધિ હાંસલ કરી છે. વિધિએ સાયન્સ, ઇગ્લિશ, ડાટા સાયન્સમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવ્યા છે. જ્યારે સ્કૂલમાં બીજા ક્રમે વિશ્વમ યોગેશ કલસરિયાએ ૯૭.૮ ટકા મેળવ્યા છે. ૫૦૦ માર્કસમાંથી વિશ્વમે ૪૮૯ માર્કસ મેળવ્યા છે. જ્યારે ત્રીજા સ્થાને રિયા રિતેષકુમાર શર્માએ ૯૭.૬ ટકા મેળવ્યા છે. ૫૦૦ માર્કસમાંથી રિયાએ ૪૮૮ માર્કસ મેળવી ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ઉપરાંત આ સ્કૂલના વિદ્યાર્થી ઇશાની નિમિષ પરીખે સાયન્સમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવ્યા છે. જ્યારે ડાટા સાયન્સમાં ભવ્ય સચિન જૈન, જીત ભાવિન પટેલ, સુહાન શૌકત પંજવાણીએ ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવ્યા છે. ઇન્ફોર્મેશન ટેક્નોલોજીમાં જુગલ જીતેન પરીખ, આદિતિ સીંગ, ઇશિતા પંડ્યાએ ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવ્યા છે. તથા માર્કેટીંગ એન્ડ સેલ્સ વિષયમાં આધ્યા મનિશ સરયન દ્વારા ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવ્યા છે.

### વાપીની સાન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ સ્કૂલનું સીબીએસસી બોર્ડનું ધો.૧૨નું ૧૦૦ ટકા પરિણામ





વાપી : વાપીની સાન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ સ્કૂલનું સીબીએસસી બોર્ડનું ધો.૧૨નું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. સ્કૂલના સાયન્સમાં ૬૪ પૈકી ૬૪ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે. જ્યારે કોમર્સના ૭૪ પૈકી ૭૪ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે. હ્યુમનિટીઝમાં ૨૫ પૈકી ૨૫ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે. સાયન્સમાં એર્વા દિલિપભાઈ સાવલિયા સ્કૂલમાં પ્રથમ આવી છે. તેના ૯૨.૪ ટકા આવ્યા છે. જ્યારે આર્યા મુકુંદ ભાવસાર બીજા ક્રમે ૯૧.૪ ટકા માર્કસ મેળવ્યા છે. જિયા અંકિતકુમાર દેસાઇ ત્રીજા ક્રમે ૯૦.૬ ટકા માર્કસ મેળવ્યા છે. કોમર્સમાં મેઘાવી ભરત જૈન પ્રથમ ક્રમે આવી છે. તેણે ૯૬.૬ ટકા માર્કસ મેળવ્યા છે. બીજા ક્રમે મોક્ષિત પંક્તિ શાહ ૯૫.૮ ટકા માર્કસ મેળવ્યા છે. કાછડિયા હિતાક્ષ ભવ્યએ ત્રીજું સ્થાન મેળવીને ૯૫.૬ ટકા માર્કસ મેળવ્યા છે. આ સ્કૂલના હ્યુમનિટીઝ સ્ટ્રીમમાં શ્રીલક્ષ્મી શ્રીનિવાસ રચુરી પ્રથમ સ્થાને આવી છે. તેણે ૯૮.૬ ટકા માર્કસ મેળવ્યા છે. કનક વ્યાસે બીજો ક્રમ મેળવી ૯૭.૨ ટકા માર્કસ મેળવ્યા છે. ભટ્ટ તીર્થ યશેષ ત્રીજા સ્થાને આવીને ૯૪.૮ ટકા માર્કસ મેળવ્યા છે. આ તમામ વિદ્યાર્થીઓને સફળ થવા માટે શાળા પરિવાર તરફથી અભિનંદન આપવામાં આવ્યા હતા.

### ઉમરગામની શાળાનું CBSEનું ધો-12 નું સામાન્ય અને સાયન્સ પ્રવાહનું 98% પરિણામ



ઉમરગામ : ઉમરગામની નવનિર્માણ કેળવણી મંડળ સંચાલિત એમ. કે. મહેતા ઈંગ્લિશ મીડિયમ (CBSE) સ્કૂલનું સામાન્ય પ્રવાહનું 98% અને સાયન્સ પ્રવાહનું 98% પરિણામથી વિદ્યાર્થીઓ વાલીઓમાં તથા શાળા પરિવારમાં ખુશીની લાગણી છવાઈ જવા પામી હતી. ધોરણ 12 ના જાહેર થયેલા પરિણામમાં ઉમરગામ શ્રી એમ.કે.મહેતા ઈંગ્લિશ મીડિયમ (CBSE) સ્કૂલ કોમર્સનું પરિણામ 98% આવ્યુ છે. જેમાં કુલ 41 વિદ્યાર્થીઓમાંથી 40 વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમાં સુજલ દિનેશભાઇ પટેલ 93.2% સાથે પ્રથમ ક્રમે, નફિસા કલીમ શૈખ 91 ટકા સાથે બીજા ક્રમે અને મિશ્રા આદિત્ય અજય 90.4 % સાથે ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. તેમજ સાયન્સ પ્રવાહનું પરિણામ પણ 98% આવ્યું છે. જેમાં કુલ 50 વિદ્યાર્થીઓમાંથી 49 વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમાં શાલોમ સ્ટેન્લી થાઈલ 88.6% સાથે પ્રથમ ક્રમે, સ્વાતિ સોમ્યા દેહુરિ 88.4% સાથે બીજા ક્રમે અને નિસ્થા સુરેન્દ્ર ચૌધરી 87% સાથે ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. પાસ થનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય ડો. જેકોબ વી. જ્હોન, શાળા પરિવાર અને સંસ્થાના ટ્રસ્ટી સંજયભાઈ મહેતા, સુકેતુભાઈ મહેતાએ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

### બીલીમોરાની પીવી લાખાણી અંગ્રેજી માધ્યમનું ધો.૧૦ નું ૧૦૦ ટકા પરિણામ



બીલીમોરા : બીલીમોરા-અમલસાડ માર્ગ ઉપર સરીબુંજરંગ ગામે લુસવાડા ફળીયા સ્થિત પીવી લાખાણી અંગ્રેજી માધ્યમ સ્કુલનું CBSE બોર્ડ ધો. ૧૦ ની પરીક્ષાનું ૧૦૦ ટકા પરીણામ પ્રાપ્ત થયું છે. જેમાં વિદ્યાર્થી ફેનિલ મિસ્ત્રી ૯૧.૧૭ ટકા મેળવી શાળામાં પ્રથમ ક્રમ, પ્રિયા બિંદ ૮૮.૮૩ ટકા દ્વિતિય ક્રમ અને સાક્ષી કુમારી ૮૭.૬૭ ટકા તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો છે. તમામ વિદ્યાર્થીઓને તથા સમગ્ર સ્ટાફને શાળાના ટ્રસ્ટી, ડાયરેક્ટર, આચાર્યા તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### માલેગામ પાસે ટેમ્પો ખીણમાં પડતા બચ્યો




સાપુતારા: મંગળવારે મહારાષ્ટ્રનાં સંગમનેરથી ટામેટાનો જથ્થો ભરી ભાવનગર તરફ જઈ રહેલો આઈસર ટેમ્પોની (નં. જીજે 04 ડબ્લ્યુ 7685) માલેગામ ઘાટમાર્ગનાં ફોરેસ્ટ રેસ્ટ હાઉસ પાસેનાં વળાંકમાં અચાનક બ્રેક ફેઈલ થઈ જતાં સંરક્ષણ દીવાલ સાથે ભટકાઈને ખીણમાં ખાબકતા બચ્યો હતો. આ અકસ્માતનાં બનાવમાં આઈસર ટેમ્પોને જંગી નુકસાન થયું હતું. જ્યારે બીજા બનાવમાં મહારાષ્ટ્રનાં વણી તરફથી સુરત તરફ જઈ રહેલા પિકઅપ ગાડી (નં. એમએચ 41 એયુ 5587) જે માલેગામનાં સંતોકબા ધોળકિયા વિદ્યામંદિર નજીક સ્લીપ થઈ માર્ગની સાઈડમાં ઉતરી ગયો હતો. આ બન્ને અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

# દમણના કોલેજ રોડ પર માલવાહક વાહનોનો 'નો-પાર્કિંગ'માં ખડકલો

**રસ્તાની** બંને બાજુ મોટા અને જ્વલનશીલ પદાર્થ ભરેલા વાહન પાર્કિંગ થતા અકસ્માતના વધતા બનાવો

**એક** મહિના અગાઉ માર્ગ અકસ્માતમાં મોત નિપજ્યા બાદ તંત્રનું ધ્યાન દોર્યા બાદ પણ પરિસ્થિતિ હજી જેમની તેમ



દમણ : સંઘપ્રદેશ દમણમાં કોલેજ રોડના રસ્તાની બંને બાજુએ માલવાહક વાહનો નો-પાર્કિંગનો ખડકલો હજી પણ જોવા મળી રહ્યા છે. જેના કારણે રાત્રી દરમિયાન અનેક અકસ્માતની ઘટના સર્જાઈ રહી છે. એક મહિના દરમિયાન 10 થી વધુનો માર્ગ અકસ્માતમાં મોત નિપજ્યા બાદ આ બાબતે અનેકવાર જવાબદાર તંત્રનું ધ્યાન દોર્યા પછી પણ પરિસ્થિતિ હજી જેમની તેમ યથાવત જોવા મળી રહી છે.

દમણમાં રસ્તાની પહોળાઈ વધારાય અને વાહન વ્યવહાર સુવ્યવસ્થિત રીતે ચાલે તેવા આશય સાથે પ્રશાસક પ્રફુલ પટેલ દ્વારા રસ્તાની પહોળાઈ વધારી નવા રસ્તાનું નિર્માણ કાર્ય પૂર્ણ કર્યું છે. જેને લઈ વાહનચાલકોને સુવિધા પ્રાપ્ત થઈ હતી. પરંતુ રસ્તા પહોળા થવાને લઈ અમુક કંપનીઓ તથા વેપારી અને ધંધા રોજગાર ચલાવતા એકમોને ત્યાં આવતા માલવાહક અને જ્વલનશીલ પદાર્થ ભરેલા વાહનો રસ્તાની બંને બાજુએ પાર્ક થતા બીજા વાહન ચાલકોને અગવડતા પડી રહી છે. જેમાં ખાસ કરીને કોલેજ રોજ અને વરકુંડથી લઈ ડી-માર્ટ સુધીના રસ્તા પર વાહનો પાર્ક થવાને લઈ મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા એક મહિનામાં માર્ગ અકસ્માતમાં 10 થી વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે. આ બાબતે ભાજપાના મીડિયા પ્રભારી મજીદ લધાણીએ આર.ટી.ઓ. અને પોલીસને રજૂઆત કરી કાર્યવાહી કરવાની માંગ કરી હતી. તેમ છતાં જવાબદાર વિભાગ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી નહીં કરતા વિભાગની કાર્યપ્રણાલી સામે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. આ તરફ હજુ પણ કોલેજ રોડ પર રસ્તાની બાજુએ અવૈદ્ય રીતે મોટા વાહનો પાર્ક થયેલા જોવા મળી રહ્યા છે. ત્યારે આર.ટી.ઓ. અને ટ્રાફિક પોલીસ વિભાગ સફાળી જાગી આ બાબતને ગંભીરતા પૂર્વક લઈ રસ્તાની બંને બાજુએ પાર્ક થતા વાહનોના માલિક અને ડ્રાઈવર સામે દંડાત્મકથી લઈ વાહનો ડિટેઇન કરવા સુધીની કાર્યવાહી કરે તે હવે જરૂરી બન્યું છે.

### ઈ-ચલણ આપવાની કાર્યવાહી કરાશે

સમગ્ર બાબતે દમણ આર.ટી.ઓ. વિભાગના અધિકારી બિપિન પવાર સાથે વાતચીત કરવામાં આવી ત્યારે તેમણે જણાવ્યું કે, રસ્તાની બાજુએ પાર્ક કરતા વાહનોને ઈ-ચલણ મારફતે મેમો ફટકારવાની કાર્યવાહી કરાશે.